## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૩૬/ક્વા-૦૩/૨૦૨૨-૨૩ / 524 તા.

<u>રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત</u>

21 NOV 2022

પ્રતિ,
નકુમ ઈશ્વરભાઈ લાલાભાઈ
ગામ- નંદાણા
તા. કલ્યાણપુર
જી. :દેવભુમી દ્વારકા, પીનકોડ : ૩૬૧૩૧૫ મોબાઈલ : ૮૦૦૦૩૪૨૦૪૭

**વિષય :** ફેલ ટી.સી. ટાઈમે બદલવા બાબત.

**સંદર્ભ :** નકુમ ઈશ્વરભાઈ લાલાભાઈ ની રજુઆત તારીખ: ૩૦.૦૯.૨૦૨૨

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૩૬/ક્વા-૦૩/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, દ્વારકા

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ભાટીયા

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/ક્વા-03/૨૦૨૨-૨૩/524 તા. 21 NOV 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૬/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી નકુમ ઈશ્વરભાઈ લાલાભાઈ ગામ – નંદાણા,

સબડીવીઝન: ભાટીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |

તારીખ: ગુરુવાર (૨૦-૧૦-૨૦૨૨)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ગ્રાહક નં. (૧) ૮૨૪૪૧૦૧૫૨૮૧ અને (૨) ૮૨૪૪૧૦૧૬૭૮૪ વાળા ટી.સી ફેઇલ થઇ ગયેલ છે જેમાં નં ૮૨૪૪૧૦૧૫૨૮૧ જે લાલા ગોપાલ નકુમ નામનું ખેતી વાડી નું કનેકશન છે. જેમાં તા:૧૧-૦૯-૨૦૨૨ ના રોજ ટી.સી. ફેલ થઇ ગયેલ હતું જે ભાટીયા સબ ડીવીજનમાં જાણ કરેલ તેના કંપલેન નં. ૧૧૯૩૬૩ છે. અને રાજકોટ પણ કંમ્પ્લેન કરેલ છે જેના કંપલેન ૪૦૦૯૬-૧૧૫૭૮૬ અને છેલે કંપલેન લખાવેલ છે. એના કંપલેન નં ૪૭૨૪૬ રાજકોટ અને જામનગર કંપલેન કરવાને કારણે મને ૧૫ દિવસ પછી ફેલ ટી.સી આપી ગયા આજ તારીખ સુધી માં ચાલુ ટી.સી મળેલ નથી ફેલ ટી.સી .આપી ઓનલાઇન કંપલેન કરેલ હોય તે બંધ કરી નાખે છે. બિજા ગ્રાહક નં. ૮૨૪૪૧૦૧૬૭૮૪ જેમા ટી.સી ફેલ થવાની તારીખ ૨૩-૦૯-૨૦૨૨ જે ઈશ્વર લાલાભાઇ નકુમ નું ખેતી વાડી નું વિજ કનેક્સન છે. જે ભાટીયામાં કંપલેન કરેલ ના નં. ૧૧૫૫૧૩ રાજકોટ કંપલેન કરેલ તેના નં. ૪૫૧૫૦-૪૬૫૦૪ રાજકોટ છેલે કંપલેન કરેલ એના નં ૪૭૬૪૪ છે જેમા હજી સુધી ટી.સી.આવેલ નથી. સબડીવીજન ભાટીયામાં જ્યારે ટી.સી રીપોટ લખાવા જાય ત્યારે તેમાં

બેઠેલા સાહેબ ઇજનેર કે.કે.વરૂ સાહેબ અને ચોધરી સાહેબ ને વાત કરેલ હતી જયારે કે.કે.વરૂ સાહેબ ને વાત કરી ત્યારે તેઓ એ એમ કહેલ કે તમે જામનગર અને રાજકોટ કંમ્લેન શું કરવા કરો છો. તો જામનગર અને રાજકોટ વાળા સાહેબ ને કેજો કે ટી.સી. તમને આપી જાય હું જયારે છેલે તાઃ૨૮-૦૯-૨૦૨૨ ગયો ત્યારે કે.કે.વરૂ સાહેબ એમ કહે કે તમને ટી.સી. હજું ૪-૫-દિવસ પછી આપવી. તારે જયા અરજી કરવી હોય ત્યા કરજે, તો મારે ૨૦-૨૫ દિવસ સુધી ટી.સી ના મળે તો મારો પાક સુકાય ગયો છે. મારે અત્યારે બે ટી.સીમાં ૪૦ વિઘાનું વાવેતર કરેલ છે. કુલ ટી.સી.ચેન્જ ન થવાના કારણે મારો પાક સાવ સુકાય ગયો છે. આ પાકની નુકશાની કોણ ભોગવસે હવે જો ટી.સી.આવે કે નો આવે મારે જે નુકસાની આવવાની હતી તે આવી ગઇ.આ કનેકસન નું આખા વર્ષ નું બિલ ટાઇમે પાવર મળે એના કારણે ભરીએ છીએ. જો મને પાક સુકાતો હોય ત્યારે પાવર નમળે તો બિલ ભરવાનો મતલબ શું? આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર અરજદાર ના સ્થળ પર ટ્રાન્સ્ફોર્મર સેન્ટરની આજુ બાજુ પાણી ભરેલ હોવાના કારણે વાહન જઈ શકે એવિ પરિસ્થિતી ન હોવાને કારણે ટ્રાન્સ્ફોર્મર બદલવા માં વિલંબ થયેલ છે. તે પરિસ્થિતી અરજદાર શ્રી ને રૂબરૂ માં સમજાવી અને ટ્રાન્સ્ફોર્મર બદલી આપી જેથી ગ્રાહક ની ફરિયાદ નું સુખદ નિરાકરણ થતાં તેમણે સમાધાન પત્રક માં તા. ૨૦.૧૦.૨૨ ના રોજ સહી કરી આપેલ છે.

૨.૧ જેથી ગ્રાહક ને તેની ફરિયાદ નો સંતોષકારક રીતે સમાધાન થતાં તેમણે ફરિયાદ પરત ખેચેલ છે. અને તા. ૨૦.૧૦.૨૨ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ભાટીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારકા વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૨૦.૧૦.૨૨ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન